Dr. Babasaheb Ambedkar Open University (Established by Government of Gujarat)
A Refereed and Peer-Reviewed International e-Journal of Humanities and Social Sciences
Website: http://jyotirmay.baou.edu.in/chaitanya/ Email: chaitanya.ejournal@baou.edu.in
|| चैतन्य || CHAITANYA
ISSN: 2582 2802
Year–06, Volume –06, Issue–03, September–2025

# તોત્તો-ચાનઃ સર્જનાત્મક શિક્ષણનું સરનામું

– ડૉ. રજનીકુમાર પરમાર

**સારાંશ(Abstract):**

જાપાનનાં પ્રખ્યાત લેખિકા તેત્સુકો કુરોયાનાગી દ્વારા લખાયેલ આત્મકથાત્મક પુસ્તક ‘તોત્તો-ચાનઃ ધ લિટલ ગર્લ એટ ધ વિન્ડો’ બાળશિક્ષણના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ કૃતિ છે. ગુજરાતી ભાષામાં રમણ સોની દ્વારા અનુવાદિત અને નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા દ્વારા પ્રકાશિત આ પુસ્તક, શિક્ષણ-પ્રણાલીની આગવી પરંપરાનો ખ્યાલ આપે છે. આ લેખમાં, ‘તોત્તો-ચાન’માં વર્ણવાયેલી શિક્ષણ પદ્ધતિઓનું વિવેચનાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને, પુસ્તકમાં આચાર્ય કોબાયાશી દ્વારા અપનાવવામાં આવેલા સર્જનાત્મક અને પ્રયોગશીલ શિક્ષણના અભિગમો જેવા કે, પ્રકૃતિ આધારિત શિક્ષણ, શારીરિક પ્રવૃત્તિઓ અને વ્યક્તિગત વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

આ લેખ દ્વારા આધુનિક ભારતીય શિક્ષણ પ્રણાલીના સંદર્ભમાં આ પદ્ધતિઓની સુસંગતતાની તપાસ કરી છે. વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં સર્જનાત્મકતા, વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને બાળક-કેન્દ્રિત અભિગમની આવશ્યકતા પર ભાર મૂકતા, આ લેખ દ્વારા એ સૂચવવાનો હેતુ રહેલો છે કે ‘તોત્તો-ચાન’માં દર્શાવેલા સિદ્ધાંતો આજે પણ એટલા જ પ્રસ્તુત છે. આ પુસ્તક માત્ર એક બાળકીની વાર્તા નથી પરંતુ તે શિક્ષણના એક વૈકલ્પિક મોડેલનો પણ પરિચય કરાવે છે.

**ચાવીરૂપ શબ્દો:** તોત્તો-ચાન, તેત્સુકો કુરોયાનાગી, રમણ સોની, સર્જનાત્મક શિક્ષણ, બાળ શિક્ષણ, પ્રગતિશીલ શિક્ષણ, શિક્ષણનો ઇતિહાસ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ.

---

‘હું છે ને, મોટી થઈને આ સ્કૂલમાં ભણાવવા માગું છું. સાચે જ! વચન આપું છું’ (કુરોયાનાગી 152) પોતાના આચાર્યશ્રી કોબાયાશીને આવું કહેનારી નાનકડી તેત્સુકો ઉર્ફ તોત્તો-ચાન મોટી થઈને તેનું વચન પાળી ન શકી. તેને વચન પાળવું જ હતું પણ હવે એ શાળા જ નોહ્તી જેમાં તે ભણતી હતી અને ભણાવવા માગતી હતી! 8 ઑગસ્ટ 1933, જાપાનના ટોકિયો શહેરમાં જન્મેલી એ બાલિકા અભ્યાસ કરીને ફિલ્મ-અભિનેત્રી બની, ‘‘તેત્સુકો’ઝ રૂમ’’ જેવા ટેલિવિઝન કાર્યક્રમોમાં સક્રિય રહી ને ઈ.સ. 1984થી 1996 દરમિયાન યુનિસેફ (યુનાઇટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ)ની સદ્ભાવના-દૂત રહી. તેણે ‘તોત્તો ફાઉન્ડેશન’ની સ્થાપના કરી ‘ડેફ થિયેટર ઑફ જાપાન’ નામક પ્રશિક્ષણ કેન્દ્ર શરૂ કર્યું. જેમાં મૂક-બધિરોને તાલીમ અપાય છે.

મૂળ નામ તેત્સુકો. બાળપણમાં લાડથી સૌ તેને તોત્તો-ચાન કહેતા. આચાર્યશ્રી કોબાયાશીને આપેલું વચન પૂર્ણ ન કરી શકવાનો વસવસો દૂર કરવા તેમણે પોતાના પ્રિય શિક્ષક-આચાર્ય કોબાયાશીના શિક્ષણપ્રયોગો અને 'તોમોએ ગાકુએન' સ્કૂલના અનુભવોને લોકો સુધી પહોંચાડવા ઈ.સ. 1981માં જાપાની ભાષામાં 'તોત્તો-ચાન' એવા શીર્ષકથી પુસ્તક પ્રકાશિત કર્યું. જે એટલું લોકપ્રિય બન્યું કે એક જ વર્ષમાં તેની 45 લાખ નકલો વેચાઈ ગઈ અને વિશ્વની વિવિધ ભાષાઓમાં અનુવાદ પણ થયા. લેખિકા-તેત્સુકો કુરોયાનાગી તોત્તો-ચાન નામથી પોતે જ કૃતિમાં પાત્ર તરીકે રહેલાં છે. પુસ્તકમાં તેમણે આત્મકથનાત્મક નહીં પણ તૃતીય પુરુષની કથનશૈલી અપનાવી છે. સમગ્ર પુસ્તકમાં તેમણે તોત્તો-ચાન અને કોબાયાશીને કેન્દ્રમાં રાખીને ઘટના-પ્રસંગનું આલેખન કર્યું છે. 18મી જૂન 1893માં ટોકિયોમાં જન્મેલા, પ્રકૃતિ અને સંગીતના ચાહક સોસાકુ કોબાયાશીના કેળવણીપ્રયોગો અને બાળકો માટે રહેલા તે પ્રયોગોના મહત્ત્વને સમજાવવા કેટલેક સ્થાને લેખિકા ખુદ વિવેચક પણ બન્યાં છે. પુસ્તકમાં કોબાયાશી સાથેના લેખિકાના અંગત અનુભવોનું રસાત્મક આલેખન થયું છે. મૂળ જાપાની ભાષાની આ કૃતિનો રમણ સોનીએ 'તોત્તો-ચાન' (બારીએ ઊભેલી બાલિકા) એવા શીર્ષકથી ઈ.સ. 2001માં ઉત્તમ કોટીનો અનુવાદ કર્યો છે. આ ગુજરાતી અનુવાદને આધારે પુસ્તકમાં રહેલી કોબાયાશીની કેળવણી-પ્રણાલીને સમજવાનો ઉપક્રમ રહેલો છે.

મૂળ પુસ્તકના પ્રકાશન પૂર્વે ફેબ્રુઆરી 1979થી ડિસેમ્બર 1980 દરમિયાન તોત્તો-ચાનની કથા જાપાનના 'યંગ વુમન' સામયિકમાં હપ્તાવાર એકએક પ્રકરણ રૂપે પ્રગટ થતી રહેલી, અને એ પછી લેખ સ્વરૂપે રહેલાં 62 પ્રકરણોમાં પુસ્તકનું પ્રકાશન થયું. પુસ્તકનાં દરેક પ્રકરણમાં એકલી શિક્ષણકથા નથી પણ તેમાં તોત્તો-ચાનની બાળસહજ ક્રીડાઓ પણ સમાવિષ્ટ છે અને દ્વિતીય વિશ્વયુદ્ધની અસરો પણ ઝિલાઈ છે.

સતત તોફાનને કારણે એક શાળામાંથી કાઢી મૂકવામાં આવેલી તોત્તો-ચાનને કોબાયાશી દ્વારા સ્થાપેલી 'તોમોએ' શાળામાં મૂકવામાં આવે છે. એકદમ ચંચળ પ્રકૃતિની તોત્તો-ચાન શાળાના પરિસરમાં આવતા ડાહીડમરી થઈને, નક્કી કરી લે કે એ રોજરોજ શાળાએ આવશે-કદી રજા નહીં પાડે. શાળા તેની જ છે એમ માની અભ્યાસ કરતી થઈ જાય છે!! શાળામાં 'બહુ... ઉઉ જ મજા પડે છેએએ' (કુરોયાનાગી 17) એમ મોટેથી બોલ્યા પછી ગાવાં લાગે છેઃ 'ખુશ છું રે ખુશ છું કેટલી બધી હું...! આટલી બધી ખુશ છું...' (કુરોયાનાગી 17) નવી શાળા તોત્તો-ચાનને ગમવા લાગી, તે ખુશ થઈ. આથી આશ્ચર્ય થવાનું કે કોબાયાશીએ શાળાના નિર્માણમાં-વિકાસમાં શી કરામત કરી હશે? જિજ્ઞાસાના પરિતોષ માટે તોત્તો-ચાનની શાળા 'તોમોએ'માં આપણે ભણવા જવું પડે...

ઉચ્ચ આદર્શોવાળી, અરુઢ, કલ્પનાશીલ શિક્ષણ-પ્રવૃત્તિને વેગ આપવા પોતાની તમામ મિલકત ખર્ચીને કોબાયાશીએ ટોકિયોની દક્ષિણ-પશ્ચિમે જિયુગાઓકા રેલવે સ્ટેશનની એકદમ નજીક ગાકુએનમાં ઈ.સ. 1937માં પોતાના પુત્રના નામ પરથી 'તોમોએ' નામક પ્રાથમિક શાળા સ્થાપી. શાળાના વિકાસમાં અને બાળકેળવણીમાં એમણે પોતાનું સર્વસ્વ દાવ પર લગાવી દીધું. એમણે વિકસાવેલી તોમોએ શાળાના પ્રવેશદ્વારમાં કોઈ દ્વાર નહીં, બંને તરફ માત્ર વૃક્ષો જ અને શાળાને ફરતે દીવાલના સ્થાને વૃક્ષોનો જ પહેરો! આચાર્ય કોબાયાશીની એક ઑફિસ અને રહેવા માટે શાળા નજીક એકમાળનું ઘર. જૂના ટ્રેનના ડબ્બા એ બાળકોના વર્ગખંડ અને પુસ્તકાલય માટે એક અલાયદો ડબ્બો! સહુ સાથે બેસી શકે તેવો એક સભાખંડ જે ભોજનખંડ પણ બનતો. એક તરણકુંડ

અને ફૂલ-છોડ-વૃક્ષોવાળું પરિસર. એપ્રિલ માસથી શાળાનું નવું સત્ર શરૂ થતું. એકથી છ ધોરણ સુધીનું શિક્ષણ અને માત્ર પચાસ બાળકોનો પરિવાર. વિદ્યાર્થીઓ વિષયાનુસાર ભણે અને કોઈ રોકટોક વગર પોતાની રુચિ મુજબ વિશેષ અધ્યયન કરે.

કોઈ ચોક્કસ સમયપત્રક નહીં, પરંતુ એક દિવસના કામનું આયોજન હોય. શિક્ષક પૂરા દિવસના વિષયો જણાવે. બાળકોએ દરેક વિષયનું કાર્ય કરવાનું પણ તે પોતાને ગમતાં વિષયથી શરૂઆત કરી શકે. શિક્ષક કેવળ માર્ગદર્શક બની રહે; અભ્યાસ બાળકો જાતે જ કરે. સ્પર્ધાઓ થાય પણ પરીક્ષા નહીં. ગુણાંકન સમયે બાળકનું સર્વાંગી નિરીક્ષણ કરવામાં આવતું. -આ પ્રકારના નિયમિત શૈક્ષણિક માળખાથી ચાલતી શાળા એટલે 'તોમોએ'.

બધાં બાળકો વર્તુળમાં બેસી શાળાના સભાખંડમાં બપોરનું ભોજન આરોગે. સૂચના પ્રમાણે દરેક પોતાના ડબ્બામાં 'કંઈક દરિયામાંથી અને કંઈક પહાડમાંથી' લાવે. જલાહાર (માછલી, કરચલો) અને સ્થલાહાર (શાકભાજી, માંસ, મરઘી -જાપાનની આહારશૈલી મુજબ) એમ બંને પ્રકારના સંતુલિત આહારના આગ્રહી કોબાયાશી દરેક બાળકનો ડબ્બો જાતે તપાસે. કોઈ બાળકના ડબ્બામાં એક આહાર ખૂટતો હોય તો પોતાના ઘરેથી બંને પ્રકારના આહાર બનાવી લાવેલાં કોબાયાશીનાં પત્ની તે બાળકને પૂરતો આહાર આપે! સર્વાંગી શિક્ષણમાં આહારનું મહત્ત્વ ઓછું કઈ રીતે હોય શકે? ભોજન આરોગતા પહેલા 'ઈ તા દા કી મા સુ' (હે ઈશ્વર! તારો આભાર.) એમ કહી બાળકો કોબાયાશીનું ગીત ઝીલે...

''ચાવો ચાવો ચાવો સારી રીતે, જે કાંઈ પણ ખાઓ તે ચાવો ખાસઃ ચાવો રે ચાવો રે તમે ચાવો, ભાત અને માછલી ને માંસ.'' (કુરોયાનાગી 24)

ગાન-તાનના આનંદમાં ભોજન-આરોગ્ય વગેરેની કેળવણી અનાયાસે થતી રહે ત્યારે બુનિયાદી શિક્ષણ વિચારોનાં પાનાંમાંથી સજીવન થતું હોય છે. સમૂહમાં ગાતું બાળક અડીખમ રહી એકલું બોલતું થાય તે પણ જરૂરી હોય, તોમોએનાં બાળકો જમ્યા પછી બધાની સામે આવીને ગમતી વાત કરવા ઊભાં થતાં. શરૂઆતમાં સંકોચ પામતાં, પછી ધીમેધીમે બોલતાં થતાં. જેમણે સવારના તમામ વિષયોનું કાર્ય પૂર્ણ કર્યું હોય તે બાળકો ભોજન પછી પદયાત્રા કરી આસપાસના સ્થળે પ્રવાસમાં જઈ શકતાં; નવાં સ્થળોનો પરિચય કરતાં.

તોમોએનાં બાળકોને ગણવેશની જવાબદારીમાંથી મુક્તિ હતી. કોબાયાશી બાળકોનાં માતા-પિતાને સામાન્યમાં સામાન્ય કપડાં પહેરાવીને બાળકને શાળાએ મોકલવાનો આગ્રહ રાખતા. જેનાથી કપડાં ગંદા થવાની કે ફાટવાની બીકમાંથી બાળક ચિંતામુક્ત બની ઇચ્છાનુસાર રમી શકતાં. ગરમીના દિવસોમાં તરણકુંડમાં બાળકો સ્વિમ-સૂટને બદલે જન્મસમયના પોશાકમાં નાહ્વાનો આનંદ લઈ શકતાં. યાસુકી-ચાન જેવાં કેટલાંક દિવ્યાંગ કે ઠીંગણાં બાળકો પોતાનાં શરીર ઉઘાડાં રાખીને આનંદ સાથે સ્વમાં રહેલી શરમ-લઘુતાગ્રંથીને હડસેલી શકતાં. કોબાયાશીનો આ વિચાર ભલે સાંપ્રત સમયમાં પૂર્ણરૂપે સ્વીકૃત ના થઈ શકે પરંતુ એ વિચારમાં તથ્ય તો છે જ. સંગીતના સારા એવા જ્ઞાતા હોવાથી કોબાયાશી બાળકોની મોટાભાગની તાલીમમાં લય ઉમેરવાનું પસંદ કરતા. તેઓ યુરોપની બાળ-શિક્ષણપ્રણાલી સમજવા યુરોપના પ્રવાસે ગયા. પેરિસમાં તેમની મુલાકાત સ્વીસ સંગીત-શિક્ષક એમીલ જેક્સ-ડેલક્રોસ સાથે થઈ. તેમની શાળામાં એક વર્ષ રહીને શીખ્યા કે બાળકોની કૂદાકૂદમાં પણ એક લય છે. તેમાં સંગીત ઉમેરીને ચોક્કસ પ્રકારની અંગકસરત કરાવી શકાય. આ વિચાર તાલવ્યાયામ-

યુરિધ્મિક્સ તરીકે જાણીતો બન્યો. કોબાયાશી એવા પ્રથમ વ્યક્તિ હતા, જેમણે તોમોએ શાળામાં તાલવ્યાયામ-પદ્ધતિનો વિનિયોગ પ્રાથમિક શિક્ષણથી જ કર્યો હોય. લેખિકા તેનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે, ''તાલ-વ્યાયામનું પ્રથમ ધ્યેય શરીર અને મનને લય અંગે સભાન બનાવવાનું ને એ રીતે દેહ અને ચિત્ત વચ્ચે સંવાદિતા રચવાનું હતું. આખરે તો એનો આશય કલ્પનાશક્તિને જગાડીને સર્જનશક્તિને વિકાસમાન કરવાનો હતો.'' (કુરોયાનાગી 62) તાલવ્યાયામ સમયે દરેક બાળક આ મહત્ત્વ ન સમજે તોપણ તેને તેનો જે લાભ થવાનો છે તે તો થશે જ! જાજરૂ ગયા પછી એના ઊંડા ટબની અંદર માથું નાખીને ડોકિયાં કરતી તોત્તો-ચાનનો પ્રિય બટવો એકવાર જાજરૂમાં પડી ગયો. બટવો શોધવા તેણે ગટરનું ઢાંકણ ખોલીને અંદરનો કચરો બહાર કાઢી મોટો ઢગલો કર્યો. કોબાયાશીએ દૃશ્ય જોયું, જાણ્યું અને એટલું જ કહ્યું 'કામ પતી જાય એટલે બધુ પાછું અંદર નાખી દઈશને?' તોત્તો-ચાને વચન આપ્યું અને પાળ્યું પણ ખરું. આચાર્ય તરીકે કોબાયાશીની બાળકોને કેળવવાની રીત કેવી! ધમકાવ્યા વગર બાળકમાં પૂરો વિશ્વાસ મૂકી તેનું આત્મગૌરવ જાળવવું અને તેનો આત્મવિશ્વાસ વધારવો એ શિક્ષણનું આવશ્યક અંગ છે.

શાળામાં આવેલી તોત્તો-ચાનના માથામાં રેશમી રિબન તેને જોઈને કોબાયાશીની પુત્રી મિયો-ચાન જ્યારે એવી જ રિબન લાવી આપવાની જિદ્દ કરે છે ત્યારે બજારમાં ફરવા છતાં કોબાયાશીને તે રિબન ન મળી ત્યારે તોત્તો-ચાનને તેમણે કહ્યું, 'જો તોત્તો-ચાન, તું હવે સ્કૂલમાં, આ રિબન પહેરીને નહીં આવે તો તારો આભારી થઈશ કેમ કે, નહીં તો મિયો-ચાન મને હંમેશાં પજવ્યા કરશે.પણ તને રિબન વગર તકલીફ થશે, નહીં?' (કુરોયાનાગી 127) રિબન તોત્તો-ચાનને ખૂબ ગમતી છતાં તેણે કહ્યું, 'ભલે, હું આ રિબન સ્કૂલમાં નહીં પહેરી લાઉં' (કુરોયાનાગી 127) કોબાયાશી તેનો આભાર માને છે! શાળાના આચાર્ય વાત્સલ્ય અને વિનમ્રતાનો પર્યાય બને ત્યારે જિદ્દને પણ જતું કરવું પડતું હોય છે, નહીં તો આ એ જ તોત્તો-ચાન હતી જેણે મેળામાં માતા-પિતા પાસેથી જિદ્દ કરીને મરઘીનાં પિલ્લાં લેવડાવ્યાં હતાં... પછી તોત્તો-ચાને ક્યારેય સ્કૂલમાં એ રિબન ના પહેરી! જ્ઞાનપ્રાપ્તિનો ધોરીમાર્ગ શ્રવણેન્દ્રીય રહી છે. બાળકને સંભાળવા, તેને સંભળાવવા કરતાં સાંભળવું વધુ જરૂરી છે એવું જાણી ગયેલા કોબાયાશી તોમોએ શાળામાં પ્રથમ વખત આવેલી તોત્તો-ચાનને યથેચ્છ બોલવા કહીને તેને સતત ચાર કલાક સુધી સાંભળતા રહેલા. એમાંથી પોતે પણ શીખ્યા હશે ને એમ તોત્તો-ચાનને પોતાની કરી લીધી! બાળકો સાથે અત્યંત સ્નેહપૂર્વક વર્તતા કોબાયાશી શાળાના શિક્ષકો દ્વારા જો વર્ગમાં બાળકોની મજાક થઈ ગઈ હોય તો તેને સહન ન કરી શકતા. એકવાર ઇતિહાસ ભણાવતાં શિક્ષિકા 'પહેલાના માણસોને લાંબી પૂંછડી હતી' એમ બોલતાં વર્ગમાં સૌથી ઠીંગણા તાકાહાશીને પૂછી બેઠાં કે, 'તાકાહાશી, તારે પૂછડી છે?' અને વર્ગની બાજુમાંથી પસાર થતા કોબાયાશી તે સાંભળી ગયા. તેઓ શિક્ષિકાને ઑફિસમાં બોલાવી એટલું ખીજાયા કે શિક્ષિકાએ રડમસ થઈને કહેવું પડ્યું, 'મારાથી ભૂલ થઈ ગઈ. તમે કહો તો હું તાકાહાશીની માફી માગું.' (કુરોયાનાગી 107) મનોવૈજ્ઞાનની દૃષ્ટિએ બધાં બાળકોની સામે કોઈ એક બાળકની હાંસી ઊડે તો બાળમાનસ તેની વિપરીત અસર થાય -એ ચિંતામાં કોબાયાશી શિક્ષિકા પર ગુસ્સો વ્યક્ત કરે તેમાં બાળકનું હિત સર્વોપરી છે. આ આચાર્ય બાળકોને મન ગોળનું ગાડું રહ્યા. તેઓ પલાંઠી લગાવીને બેસતા ત્યારે એકબે બાળકો સંકોચ વગર તેમના ખભા કે પીઠ પર ચડી જતાં, એકાદ ખોળામાં બેસી જતું ને એમ ચારે તરફથી તેમને ઘેરી લઈને બૂમાબૂમ કરી મૂકતાં.

ઉનાળાની રજાઓમાં શિબિર યોજાતી. કપડાં અને ઓઢવાનું લઈને સાંજ સુધીમાં શાળાએ આવેલાં બાળકો જાણે કે શિબિર શાળામાં જ છે! કોબાયાશી સૌને તંબુ બાંધતા શીખવે. તંબુ શાળાના પરિસરને બદલે સભાખંડમાં બંધાય. ચંદ્ર, તારા, આકાશને જોયા વગર પણ બાળકો તંબુમાં રહી કોબાયાશીની વાતો સાંભળી શયન કરે. રજાના સમયે શાળાનું સ્વરૂપ બદલી તેને નવા સ્વરૂપે પ્રસ્તુત કરવી એ પણ એક કળા છે...

'શિક્ષણ એ સિંહણનું દૂધ છે.' આ વાત સત્ય છે ત્યારે તેમાં નીડરતા પ્રાથમિક કક્ષાએ રહેલી છે. વિભિન્ન ભય જીવનની વયનો આનંદ માણવામાં આડખીલીરૂપ બનતા હોય છે. આ હકીકતના ઔષધરૂપે બાળકોના મનમાં રહેલા ભૂતના ડરને ભગાડવા તોમોએ શાળામાં 'બહાદુરીની કસોટી' જેવી રમત રમાતી. કોબાયાશીના આવા પ્રયોગો બાળમાનસને વિશુદ્ધ કરવા કારગત નિવડતા.

શાળામાં પ્રકૃતિપ્રેમનું વ્યાખ્યાન થાય તેના કરતાં દરેક બાળકને એકએક ઝાડ સંભાળવાની જવાબદારી આપી હોય તો? તોમેઓનાં બાળકો પાસે એક ઝાડની માલિકી હતી. ઝાડનું ધ્યાન રાખવાનો અને તેના પર ચડવાનો અધિકાર માત્ર તે બાળકનો. વિનય-આદરના ભાગરૂપે એક બાળક બીજા બાળકને ચડવાનું નિમંત્રણ આપે અથવા કોઈના ઝાડ પર ચડવા 'નમસ્તે! હું ઉપર આવું કે?' એમ કહીને અન્ય બાળકની રજા લે. નાનકડી તોત્તો-ચાન પોલિયોગ્રસ્ત યાસુકી-ચાનને સાહસ કરીને પોતાના ઝાડ પર ચડાવી વિનયપૂર્વક તેને આવકારે છે. શાળાનું સ્વતંત્રતાભર્યું વાતાવરણ આ સાહસનું પ્રેરકબળ બને છે. આ તોત્તો-ચાનને કોબાયાશી હંમેશાં કહેતા કે, 'તોત્તો-ચાન, બહુ સારી છોકરી છે તું, સાચે જ.' (કુરોયાનાગી 121) કોબાયાશી કેટલીકવાર માનસશાસ્ત્રી હોય તેમ જણાય છે. બાળકના બાહ્ય વિકાસ સાથે આંતરિક વ્યક્તિત્ત્વ, મનોવિકાસ પર વિશેષ ધ્યાન આપવાનું કામ શિક્ષણ કરે અત્યંત આવશ્યક છે.

તોમોએમાં 'ઠંડર કેન્યન' એટલે કે મેદાનમાં રસોડા(વનભોજન)નું આયોજન થતું. બાળકો માટે શાળાનું મેદાન રસોઈઘર બને એ કેવી નવાઈ! ઘરેથી વસ્તુઓ લઈને આવેલાં બાળકો ઈંટો મૂકીને ચૂલા બનાવાથી માંડીને રસોઈ તૈયાર કરવા સુધીનું સહિયારું કાર્ય કરે. આ વાતાવરણમાં રહેતાં બાળકો જો 'ક્યારે સવાર પડે ને ક્યારે હું શાળાએ જાઉં' એમ વિચારતાં ન થાય તો નવાઈ લાગે.

ત્રીજી નવેમ્બરે વરસાદ પડવાની સંભાવના ઓછી એ શોધના અંતે તોમોએમાં એ દિવસે પ્રતિવર્ષ રમતોત્સવનું આયોજન થતું. રમતોની પસંદગી સક્ષમ-દિવ્યાંગ બાળકોને ધ્યાનમાં રાખીને થાય. રમતમાં બાળકોના માતા-પિતા પણ સહભાગી બને. રમતોત્સવનાં વિજેતા અને વર્ષ દરમિયાન યોજાયેલી અન્ય સ્પર્ધાઓમાં એકથી ત્રણ ક્રમાંક પર આવેલાં બાળકોને ઇનામમાં શું મળે? મોટો રાતો મૂળો, કંદમૂળ, પાલખની ભાજી! ઇનામ લઈ જવા શરમ અનુભવતાં બાળકોને આચાર્ય કહેતા, 'દરેકે પોતાની મમ્મીને કહેવાનું છે કે આજે આ શાકભાજી રાંધે કેમ કે, આ શાકભાજી એ તમારી પોતાની કમાણી છે. એટલે કે, આજે રાત્રે તમારા આખા કુટુંબના ભોજનમાં તમે તમારી પોતાની મહેનતથી મેળવેલું કંઈક ઉમેરવાના છો. વિચારી જુઓ કેમ લાગે છે આ વાત. જોજોને, જમવાનું આજે તમને ચોક્કસ પણે સ્વાદિષ્ટ લાગશે.' (કુરોયાનાગી 84) સામાન્ય ઇનામ કેટલી મોટી સૂઝ આપી શકે! 'શિક્ષણ' જો ખરેખર સજાગ બને તો તે કેટલું ઉપકારક નીવડે તેમ છે... રમત-ઇનામથી જેને સ્વનિર્ભરતા શીખવા મળી છે તે બાળક માત્ર સ્વનિર્ભર રહેશે? ના. તે અન્યને સ્વનિર્ભર કરતું થશે...

ઘાયલ સૈનિકોની મુલાકાત, ઉનાળાની રજાઓ પૂર્ણ થયા પછી સમુદ્ર કિનારે 'ગરમ પાણીના ઝરા'નો પ્રવાસ, સ્કૂલમાં નાટક ભજવવું, કોઈ સામાન્ય ખેડૂત બાળકોના ખેતીવાડીના શિક્ષક બનવું, અમેરિકાથી આવેલ બાળકને જાપાની ભાષા શીખવીને તેની પાસેથી બાળકોએ અંગ્રેજી શીખવું એવી કોબાયાશીની બાળકોને ભલામણ, પોતાને ગમતા વિષયમાં ઇચ્છામુજબનું કાર્ય કરવું, –આ બધું તોમોએ સ્કૂલનાં બાળકો માટે નવું હોવા છતાં સહજ હતું. બાળકોમાં આદર્શ બાળક-વિદ્યાર્થીની કોઈ પરિકલ્પના ન હોવા છતાં દરેક બાળકનું સહજ વ્યક્તિત્ત્વ જ તેનું આદર્શ વલણ છે એ વાત આ પુસ્તકનું વાંચન કરતાં દરેક વાચકને સમજાશે. કોબાયાશીએ કરેલ કેળવણી-પ્રયોગોને ખૂબ મહાન સમજવાને બદલે એમનો દરેક પ્રયોગ બાળકને 'સહજ બાળક' બનાવનારો, જીવનમૂલ્ય શીખવનારો, માનવતા તરફ લઈ જનારો છે એ સમજવું જરૂરી છે.

બીજી તરફ આ પુસ્તક એ પણ શીખવે છે કે બાળકોના વિકાસમાં માતાપિતાની ભૂમિકા પણ કેટલી અગત્યની છે. તોત્તો-ચાનને તેનાં તોફાનોને કારણે અગાઉની શાળામાંથી કાઢી મૂકવામાં આવેલી એ વાતની તોત્તો-ચાનને તો ખબર જ નથી! કે ના હતું તેને કોઈ સ્મરણ! છેક વીસ વર્ષની ઉંમરે તેની માતા દ્વારા તેને આ બાબતની જાણ થાય છે. ત્યાં સુધી તો એમ જ કહેવામાં આવતું કે, 'તોત્તો-ચાન, તું ખૂબ સારી છે.' કાંટાળા તારની વાડ નીચે ખાડો કરીને બહારથી અંદર અને અંદરથી બહાર આવવાની મજા લેતી તોત્તો-ચાન રોજ કપડાં ફાડીને ઘરે આવે, માતા આગળ જૂઠું બોલે અને તેમાં સાચું પણ કહી બેસે ત્યારે માતા તરફથી વહાલ સિવાય બીજો કોઈ ભાવ તેને જણાતો નહીં. આ ઉપરાંત તોત્તો-ચાનની જિદ્દ સંતોષવી, તેની વાતો સાંભળવી, તેને મુક્તમને તેનાં પ્રિય શ્વાન-રોકી સાથે રમવા દેવી વગેરે બાબતોમાં તેનું આઝાદ પણે થયેલું ઘડતર તેના જીવનની સંવાદિતાને ટકાવી રાખે છે. કેટલાંક માતાપિતા એવાં પણ હતાં કે જેમને તોમોએની શિક્ષણપદ્ધતિ પર સંદેહ થતો, અયોગ્ય લાગતી તેથી તેઓ પોતાનાં બાળકોને તોમોએમાંથી ઉઠાડી લઈને અન્ય સ્કૂલમાં મૂકવાનો વિચાર કરતાં, પણ બનતું એવું કે તોમોએ શાળાનાં બાળકો પોતાની શાળાને છોડવા તૈયાર જ ન થતાં! બહુ થતું તો રડવાં લાગતાં ને એમ માતાપિતા તેમનો અભ્યાસ ચાલવાં દેતાં. જો માતાપિતા ફરજિયાત શાળા બદલાવતાં તો બાળકો ખૂબ રડીને તોમોએ છોડવાં મજબૂર બનતાં. આખરે તો શાળા બાળકને ગમવી જરૂરી છે. જ્યાં તેને ગમે છે ત્યાં તેનો વિકાસ અવશ્ય થવાનો. આ વાતની પુષ્ટિ લેખિકાએ કૃતિને અંતે આપેલ ઉપસંહારમાંથી થશે. એ વાંચતાં સમજાશે કે તોમોએમાં અભ્યાસ કરેલ દરેક બાળકને પોતાની ક્ષમતા અનુસારનું સારું પદ મળ્યું છે અને તેઓ જીવનમાં ઊર્ધ્વગતિ કરી શક્યાં છે.

પોતાને થયેલ અનુભવોને આધારે તોત્તો-ચાન નક્કી કરતી કે તે મોટી થઈને ગાવા-બજાવવાવાળાની ટોળીમાં સામેલ થવા માગે છે, રેલવે સ્ટેશનમાં ટિકિટ આપવા માગે છે, નૃત્યનાટિકાની નર્તકી બનશે, નર્સ બનવું છે, જાસૂસ બનશે વગેરે. પણ કોઈ બાબતમાં તેને પરિપુષ્ટિ ના મળી અને અંતે તેણે નક્કી કરી લીધું કે તે તોમોએ શાળાની શિક્ષિકા બનવા માગે છે અને તેણે કોબાયાશીને એ વાતનું વચન આપતા કહેલું, 'જ્યારે હું શિક્ષક બનીશ ને ત્યારે ચોપડીઓ ભણવાનું ઓછું... પુષ્કળ રમતો, ખુલ્લામાં રસોઈ બનાવવાની પિકનિકો... શિબિરો... અને સહેલગાહો' (કુરોયાનાગી 153) પણ તોત્તો-ચાનનું એ સપનું રોળાઈ ગયું. ઈ.સ. 1945માં દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન B-29 નામનાં વિમાનોએ વર્ગખંડ તરીકે રહેલા રેલવેના ડબ્બાઓ પર બોમ્બ નાખ્યા અને તોમોએ સ્કૂલ સળગી ગઈ! રજાઓ હોવાથી તોમોએનું કોઈ બાળક અસરગ્રસ્ત ના બન્યું, કોબાયાશીનો પરિવાર

બચી ગયો પણ તેમનું મહામૂલું સ્વપ્ન આગમાં હોમાઈ ગયું. તોમોએ સ્કૂલને ભસ્મીભૂત થતી જોઈને તેઓ તેમના પુત્ર તોમોએને પૂછી રહ્યા, 'હવે આપણે કેવી સ્કૂલ બાંધીશું?' સમય વિત્યો... તોમોએ પાછળ જેમણે બધું ખર્ચી દીધેલું એવા કોબાયાશીએ એ જ જગ્યાએ એક બાલમંદિર ખોલ્યું. પોતાની કલ્પના અનુસારની આદર્શ શાળા ફરીવાર સ્થાપે એ પહેલા જ 69 વર્ષની વયે તેમનું અવસાન થયું. તેમની વિદાઈથી જાપાને એક એવા કેળવણીકાર ગુમાવ્યા, જેઓ કહેતા કે, 'આંખો હોય ને સુંદરતા ન દેખાતી હોય; કાન હોય ને સંગીત ન સંભળાતું હોય; મગજ હોય પણ એના પર સત્ય ન ઝિલાતું હોય; હ્રદય હોય પણ એ સ્પંદિત ન થઈ ઊઠતું હોય... તો એ ચિંતાનો વિષય છે.' (કુરોયાનાગી 63)

કોબાયાશી જેવા આચાર્ય અને તોમોએ જેવી સર્જનાત્મકશિક્ષણની ઝળહળતી મશાલ સમી શાળા, કે જે વિદ્યાર્થીના આંતર-બાહ્ય વિકાસને પાયાથી કેળવવામાં પાછી પાની કરે તેમ નથી, આજે તેની જરૂર છે આપણી શિક્ષણવ્યવસ્થાને. આપણે સર્જનાત્મકશિક્ષણના આ સરનામે બાળકને લઈ જઈએ. જો કોબાયાશી કે તોમોએ જેવી શાળા નથી મળતી તો દરેક વ્યક્તિ-શિક્ષક પોતે કેમ એવું ના વિચારે કે હું કોબાયાશી બનું અથવા મારી શાળા તોમોએ બને? કદાચ એ નથી બની શકતું તો જે-તે શિક્ષક પોતાના વર્ગને તો જીવંત બનાવવાનું કાર્ય કરી તો શકે ને? ગુરુ-શિષ્ય પરંપરામાં થતું સંસ્કાર સિંચન નષ્ટ કરવામાં આવ્યું ત્યારે આપણે આદર્શ શાળાના ફરીફરીને વિચારો કરવા પડે છે. નવી શિક્ષણનીતિઓ ઘડવી પડે છે. કેવળ નોકરી-ધંધાને યોગ્ય બનાવતું આજનું પરીક્ષાલક્ષી શિક્ષણ બાળક-યુવાનને માનવીય મૂલ્યોમાં શૂન્ય અને ઊંધેમાથે કરેલા ઇતિહાસમાં પથભ્રમિત કરી રહ્યું છે. જોકે આ સમયમાં પણ સણોસરામાં આવેલી લોકભારતી જેવી ગ્રામવિદ્યાપીઠ અને પુડુચેરીમાં આવેલ શ્રી અરવિંદ ઇન્ટરનેશનલ સેન્ટર ઓફ એજ્યુકેશન જેવી શાળાઓ પાસે આપણે આદર્શ શિક્ષણ-પ્રણાલીની અપેક્ષા રાખી શકીએ તેમ છીએ. આપણે જ્યારે ભારતના ભવ્ય ભૂતકાળને સંભારી તેની આદર્શ પરંપરાનું ગૌરવગાન કરીએ છીએ ત્યારે એ ભવ્યતા-પરંપરાને પુનર્જીવિત કરવા કે ટકાવી રાખવા માટે તેના મૂલ્યનિષ્ઠ વાહકોનું ઘડતર કરવું જરૂરી છે, અને એ કામની અપેક્ષા કેળવણી-શિક્ષણ પર રહેલી છે.

**ગ્રંથસૂચિ (Works Cited):**

કુરોયાનાગી, તેત્સુકો. તોત્તો-ચાન. અનુ. રમણ સોની, 17મી આવૃત્તિ, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, 2016.

---

**ડૉ. રજનીકુમાર પરમાર,** આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ.
Email: rajni.parmar16@gmail.com